# રામ રસાયન તુમ્હારે પાસા, સદા રહો રઘુપતિ કે દાસા

**ધર્મરંગ**

**વ્યોમા સેલર**

ભક્ત હનુમાન જન્મ-ઉત્સવ એ એક હિન્દુ ધાર્મિક તહેવાર છે. આ શુભ દિવસે, હનુમાનના ભક્તો તેમની ઉજવણી કરે છે અને તેમની પાસે સુરક્ષા, બળ અને આશીર્વાદ માંગે છે. હનુમાન ભગવાન શ્રીરામના પ્રખર ભક્ત છે અને શ્રીરામ પ્રત્યેની તેમની નિરંતર ભક્તિ માટે વ્યાપકપણે જાણીતા છે. હનુમાન શક્તિ અને ઊર્જાનું પ્રતીક છે.

ભક્ત હનુમાન અન્ય ઘણા અદ્ભુત ગુણોથી પણ સંપન્ન છે, જે તમામનો ઉપયોગ તે ભગવાન રામની સેવા કરવા માટે કરે છે.

હનુમાનને ભગવાન શિવનું સ્વરૂપ માનવામાં આવે છે. તે સમર્પણ અને ભક્તિનો અવતાર છે. તેમની શક્તિ અનુપમ છે અને તેમને એક મહાન બૌદ્ધિક તરીકે પણ માપવામાં આવે છે. શ્રી હનુમાન ભગવાન રામચંદ્રના સૌથી ઘનિષ્ઠ ભક્તોમાંના એક છે. તે વાનર જેવા સ્વરૂપવાળા વાયુનો પુત્ર છે. તેમને ઘણા અસાધારણ ગુણોથી નવાજવામાં આવ્યા છે જેનો તેઓ સીતારામની સેવામાં ઉપયોગ કરે છે. તે શુદ્ધ ભક્તિ, સેવાનું પ્રતીક છે.



ભગવાન રામના સૌથી મહાન ભક્ત, વાનર યોદ્ધા હનુમાન કરતાં નિઃસ્વાર્થ, સમર્પિત સેવા માટે પણ પ્રસિદ્ધ છે. આપણે હનુમાનનાં કાર્યોનું અનુકરણ કરી શકતા નથી. ભક્ત હનુમાન નાના હતા ત્યારે એક નવજાત શિશુ તરીકે, સૂર્યને ખાવાનો પ્રયત્ન કર્યો કારણ કે તેને લાગતું હતું કે તે એક સ્વાદિષ્ટ દેખાતું ફળ છે અને જો દેવોના સ્વામી ઈન્દ્રે તેને તેના ઘાતક વીજળીના હથિયારથી બેભાન કરીને તેને અટકાવ્યો ન હોત તો તે સફળ થયો હોત. ત્યાર પછી તેને વ્યક્તિગત રીતે પુનઃજીવિત કરવામાં આવ્યો હતો અને સર્જક બ્રહ્મા દ્વારા તેના પિતા વાયુને શાંત કરવાના પ્રયાસમાં અસંખ્ય શક્તિઓ આપવામાં આવી હતી, જેમણે ક્રોધમાં બ્રહ્માંડના દરેક જીવંત અસ્તિત્વમાંથી શ્વાસ લેવાની ક્ષમતા છીનવી લીધી હતી. ભક્ત હનુમાનની પ્રતિભા શક્તિ હતી. જ્યારે રાક્ષસ રાવણ દ્વારા રામની પત્ની સીતાનું અપહરણ કરવામાં આવ્યું હતું ત્યારે હનુમાન રાવણને તેને છોડવા માટે ચેતવણી આપવા માટે હજારો માઈલના સમુદ્રમાં કૂદી પડ્યા હતા. પછી જ્યારે રાક્ષસે ના પાડી અને તેના પર હુમલો કર્યો ત્યારે હનુમાન રાવણના એંસી હજાર ‘રક્ષા’ સૈનિકોને મારવા આગળ વધ્યા, પછી મહાન રાક્ષસ જંબુમાલી, પછી રાવણના મંત્રીઓના સાત પુત્રો, રાવણની સેનાના પાંચ સેનાપતિઓ અને અંતે રાવણનો પોતાનો પુત્ર અક્ષય-કુમાર. ત્યાર બાદ તેણે ભગવાન રામને સમુદ્ર પાર કરીને લંકાના આખા રાક્ષસ નગરમાં આગ લગાવી દીધી, જ્યારે તેણે સીતા સુરક્ષિત હોવાના સમાચાર આપ્યા ત્યારે તેઓ અત્યંત પ્રસન્ન થયા.

ભક્ત હનુમાન અન્ય ઘણા અદ્ભુત ગુણોથી પણ સંપન્ન છે, જે તમામનો ઉપયોગ તે ભગવાન રામની સેવા કરવા માટે કરે છે. વૈષ્ણવ ગ્રંથ બૃહદ-ભગવતામૃતમાં, સંત નારદ મુનિ ભગવાનના મહાન ભક્તની શોધ કરતી વખતે આ વિશે લખે છે. પુસ્તકમાં ભક્ત હનુમાનને ભયમુક્ત, કડક બ્રહ્મચારી અને અત્યંત બુદ્ધિશાળી તરીકે વર્ણવવામાં આવ્યા છે. તે એક કુશળ કવિ છે, જે તમામ વૈદિક સાહિત્યમાં સંપૂર્ણ અને રાવણ સાથેના યુદ્ધ દરમિયાન તેમણે ઉત્તમ વ્યૂહાત્મક સલાહ આપી છે.

તેમણે રામના યુદ્ધભૂમિના ઘાવની સારવાર કરીને તબીબી સેવાઓ પણ કરી હતી અને ભગવાનની ખુશી માટે સુંદર ગીતો ગાયાં હતાં. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં પણ રામ-કથા, રામની કથાઓનો પાઠ કરવામાં આવે છે, ત્યાં હનુમાન સાંભળવા આવે છે. તે પ્રાચીનકાળમાં અને આજે પણ ભગવાન રામચંદ્રના ભક્તોના આનંદને વધારવા માટે ભક્ત હનુમાન પ્રયાસ કરે છે.

> **હનુમાન ભગવાન શ્રીરામના પ્રખર ભક્ત છે અને શ્રીરામ પ્રત્યેની તેમની નિરંતર ભક્તિ માટે વ્યાપકપણે જાણીતા છે**

એવું પણ કહેવાય છે કે અમર હનુમાનજીએ જ્યાં સુધી રામના પવિત્ર નામનો જપ કરવામાં આવશે ત્યાં સુધી આ દુનિયામાં રહેવાની પ્રતિજ્ઞા લીધી છે. સમગ્ર વિશ્વમાં ઈસ્કોનના ભક્તો દરરોજ હરે કૃષ્ણ મહા-મંત્રનો જાપ કરે છે, જેમાં રામનું નામ છે. ભક્ત હનુમાન જયંતીના પવિત્ર દિવસે તેમના અદ્ભુત ગુણોની વાર્તાઓ સાંભળીએ છીએ અને હરે કૃષ્ણ મંત્રનો જાપ કરીએ છીએ - જેનો સાર “મારા પ્રિય ભગવાન, કૃપા કરીને મને તમારી સેવામાં જોડો” અમે ખાતરી કરી શકીએ છીએ કે મહાન વાનર યોદ્ધા હનુમાન ત્યાં જ અમારી સાથે છે, સાંભળી રહ્યા છે અને તેમના ભગવાનની સેવા કરવાની અમારી ઈચ્છા વધારી રહ્યા છે.

હનુમાન જયંતીના દિવસે આપણે શ્રી હનુમાનજી માટે આશીર્વાદ માંગીએ જેથી કરીને આપણે સતત ભક્તિમાં વ્યસ્ત રહી શકીએ અને શ્રી સીતા, રામ, લક્ષ્મણના નિષ્ઠાવાન સેવક તરીકેના તેમના અદ્ભુત ગુણોને અનુસરી શકીએ.

---

# કેન સોના છેડે રૂપા નેબે?

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

તમલુકને ઘેરીને બે નદી વહે છે. પૂર્વે રૂપનારાયણ અને દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં સુવર્ણરેખા. વૈષ્ણવ સહજીયો બાઉલ આજાન, તેનો આશ્રમ સુવર્ણરેખા નદીના કાંઠે રચીને રહેતો હતો.

અમે તેના આશ્રમે પહોંચ્યા. તેને પૂછ્યું, ‘‘આજાન, આ આશ્રમ રૂપનારાયણ નદીના કાંઠે હોત તો વધુ રળિયામણો બન્યો હોત. કેવી મોટી નદી છોડી અને અહીં આ કાદવવાળી, નાની નદીના કાંઠે કેમ આશ્રમ બનાવ્યો?’’

તે બોલ્યો, ‘‘ભાઈ! આ આશ્રમ મેં થોડો બનાવ્યો છે? મારા ગુરુ સુજ્જાદાસે મને પ્રસાદીમાં આ સંપત્તિ આપી છે.’’

પછી થોડું રોકાઈ અને બોલ્યો, ‘‘ગુરુને કોઈ જિજ્ઞાસુ આ સ્થળ પસંદગી વિશે પૂછતા તો તેઓ આ ગીત ગાતા....’’

કેન સોના છેડે, રૂપા નેબે?

કા’ન સંપદ કરે, કેનો ગોપને?

ગુજરાતી સમગાની

સોનું છોડી, રૂપું શું કામ લેવું ?

કા’ન ધન છૂપું છૂપું, શું કામ લેવું?

અમે કહ્યું, ‘‘આજાન! આ કડીમાં કશું સમજાયું નહીં, તારા ગુરુની વાણી તો તારે જ ખોલવી પડશે!’’

તે બોલ્યો, ‘‘અરે! ખૂબ સરળ છે! જ્યાં આપણો આશ્રમ છે, તે નદીનું નામ સુવર્ણરેખા અર્થાત્ સોનાની રેખા! અને તમે જે નદીના કાંઠે આશ્રમ બનાવવાનું સૂચન કરો છો, તે નદીનું નામ રૂપનારાયણ નદી, એટલે કે રૂપાની નદી!



તેથી મારા ગુરુ કહે છે કે આ સોના નામરૂપી સુવર્ણરેખા નદીને છોડી, સસ્તી રૂપા જેવી રૂપનારાયણ નદીના કાંઠે શા માટે જઈએ? જો આપણે કૃષ્ણને પ્રેમ કરીએ છીએ તો પછી છુપો છુપો શા માટે કરવો?’’

આ સાંભળી અને અમે આશ્ચર્યમાં પડી ગયા! હજુ તો અમારું આશ્ચર્ય શમે ત્યાં તેણે બીજી કડી કહી

આમિ નારાયણકે અરૂપે દેખતે પારિછ:
તખન કેન નારાયણકે રૂપ દેખતે પાબો?

ગુજરાતી સમગાની:
જો હોઈ સહજ અરૂપે જ નારાયણનું મળવું :
તો રૂપનારાયણ પામવા શું કામ મથવું?

અમે આ બાઉલ ગીતની કડી સમજાવવા માટે કહેવા જતા હતા... પરંતુ ત્યાં આજાને સામેથી જ કહેવાનું શરૂ કર્યું,

> **આ સોના નામરૂપી સુવર્ણરેખા નદીને છોડી, સસ્તી રૂપા જેવી રૂપનારાયણ નદીના કાંઠે શા માટે જઈએ? જો આપણે કૃષ્ણને પ્રેમ કરીએ છીએ તો પછી છુપો છુપો શા માટે કરવો?**

‘મારા ગુરુ સહજીયા વૈષ્ણવ બાઉલ, તેથી કોઈ પણ પ્રકારની રૂપસાધનામાં માને નહીં. તેઓ તો અરૂપમાં જ મનેરમાનુષ રૂપે ઈશ્વરના, શ્રીકૃષ્ણના દર્શન કરી લે! તેને જ ભજતાં, તેનું જ ધ્યાન ધરતાં.’’

આગળ સમજાવતા કહ્યું, ‘‘તે જ કારણથી તેમણે આ ગીતમાં કહ્યું છે કે જો મનેરમાનુષનું અરૂપમાં જ ચિંતન દ્વારા દર્શન થઈ જતું હોય તો રૂપ તરીકે જોવા માટે મથામણ શા માટે કરવી?’’

પછી આજાન બોલ્યા, ‘‘વધુ સુવિધાવાળી નદી રૂપનારાયણને છોડી, આ નાની નદીના કાંઠે આ અરૂપ સાધનામાં રહેવાની જ તેમની ઈચ્છા હતી. તે કહેતા કે અહીં તેમનું એકાંત અળપાતું નથી, સાધના અક્ષુણ્ણ રહે છે.’’

અમે બાજુમાં જ મંદ મંદ વહેતી સુવર્ણરેખા નદીમાં ચળકતું સોના જેવું પાણી જોઈ રહ્યા.